દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ
ગુરુવાર ૨ જાન્યુઆરી, ૨૦૨૫

# ટ્રમ્પના વિજય સાથે મસ્ક સહિત વિશ્વના ધનિકોની સંપત્તિ 10 ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગઈ

વર્ષ 2024માં અનેક યુદ્ધો થયા, મંદીનો માહોલ છવાયેલો રહ્યો છતાં પણ આ વર્ષે વિશ્વના સૌથી વધુ અમીર લોકોને વધુ અમીર બનાવ્યા છે. એલોન મસ્ક, માર્ક ઝુકરબર્ગ અને જેન્સન હુઆંગની સંપત્તિમાં મોટો વધારો થયો છે.

ડોનાલ્ડ ટ્રમ્પને ટેકો આપવાની સાથે ટ્રમ્પના વિજયને પગલે અમેરિકામાં ટેકનોલોજીને લગતા શેરોમાં વધારો થતાં મસ્ક અને અન્ય અબજોપતિની સંપત્તિમાં મોટો વધારો થયો છે. વિશ્વના 500 જેટલા ધનિક લોકોની કુલ સંપત્તિમાં મોટો વધારો થયો છે. જેમાં માત્ર આઠ જેટલા જ ટેકનોલોજી દિગ્ગજોની સંપત્તિમાં મોટો વધારો થયો છે.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્ષએ વિશ્વના ધનિકોની યાદી જાહેર કરવાની સાથે સંપત્તિમાં થયેલા વધારા અને ઘટાડાના આ આંકડાઓ બહાર પાડ્યા છે. એલોન મસ્ક દ્વારા ટેસ્લા, સ્પેસએક્સ અને અન્ય વ્યવસાયો નવા ઉચ્ચ સ્તરે પહોંચવાને કારણે તેની સંપત્તિમાં મોટો વધારો થયો છે.

ઈન્ડેક્ષ પ્રમાણે, વિશ્વના 500 ધનિકોની સંપત્તિ 2024માં 10 ટ્રિલિયન ડોલર સુધી પહોંચી છે. આમાંથી માત્ર આઠ ટેકનોલોજી દિગ્ગજો એલોન મસ્ક, માર્ક ઝુકરબર્ગ, જેન્સન હુઆંગ, લેરી એલિસન, જેફ બેઝોસ, માઈકલ ડેલ અને ગૂગલના સહસ્થાપક લેરી પેજ અને સર્ગેઈ બ્રિને 600 બિલિયન ડોલરની કમાણી કરી છે. આમાં પણ એલોન મસ્કે 442.1 બિલિયન ડોલરની સંપત્તિ વધારી છે. વર્ષની શરૂઆતમાં તેની સંપત્તિ 213 બિલિયન ડોલર હતી. જે બતાવે છે કે મસ્કની સંપત્તિ એક જ વર્ષમાં બમણી થઈ ગઈ છે.

જ્યારે એમેઝોનના સ્થાપક જેફ બેઝોસને સંપત્તિના મામલે બીજું સ્થાન મળ્યું છે. જોકે, મસ્કની સંપત્તિમાં વધારાને કારણે બંને વચ્ચેની સંપત્તિમાં મોટો તફાવત થઈ જવા પામ્યો છે.

વર્ષ 2024માં ટેકનોલોજીના શેરમાં 24 ટકાનો વધારો થયો છે. આ શેરની કંપનીઓમાં ટેસ્લા, મેટા પ્લેટફોર્મ અને એનવિડીયા જેવી કંપનીઓનો સમાવેશ થાય છે. હુઆંગે એઆઈનો મોટો ફાયદો ઉઠાવ્યો અને તેની સંપત્તિમાં 76 બિલિયન ડોલરનો વધારો થયો. જ્યારે માર્ક ઝુકરબર્ગની સંપત્તિમાં 81 બિલિયન ડોલરનો વધારો થયો છે.

ઝુકરબર્ગએ વર્ષની શરૂઆતમાં રૂપિયા 7 હજાર કરોડનો દંડ પણ ચૂકવવો પડ્યો હતો. જો તેમ નહીં થયું હોત તો તેની સંપત્તિમાં હજુ પણ વધી હોત.

ટ્રમ્પનો વિજય એવો ફળ્યો છે કે તેને કારણે મસ્કની સાથે સાથે ટેકનોલોજીના શેરમાં



મોટો ફાયદો થયો છે તો સાથે સાથે બિટકોઈનમાં પણ મોટો વધારો થયો છે. આ કારણે બાયનાન્સના સ્થાપક ચાંગપેંગ ઝાઓની નેટવર્થ પણ 60 ટકા વધીને 55 બિલિયન ડોલર થઈ જવા પામી છે.

શેરબજારમાં વધારાને કારણે અમેરિકાના નવા રાષ્ટ્રપતિ ટ્રમ્પની સંપત્તિમાં પણ મોટો વધારો થયો છે. ટ્રમ્પની સંપત્તિ 7 બિલિયન ડોલરથી વધારે થઈ ગઈ છે.

ડોનાલ્ડ ટ્રમ્પને કારણે વિશ્વના 500 ધનિકોને બખ્ખાં થઈ ગયા છે. મસ્કની સાથે અનેક ટેકનોક્રેટને ટ્રમ્પ પર મોટો ભરોસો છે. ટ્રમ્પ દ્વારા અમેરિકાને નવી ઉંચાઈએ લઈ જવાની સાથે સાથે મસ્કને તો ટ્રમ્પે શાસનમાં પણ સહભાગી બનાવ્યો છે.

મસ્કને કારણે ધનિકોની સંપત્તિ વધી છે પરંતુ તેમાં મોટો ફાળો ટ્રમ્પનો છે. ટ્રમ્પ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી મસ્કને ફાયદો થતો રહેશે. જોકે, ટ્રમ્પ પર ભરોસો કરી શકાય તેમ નથી. જે દિવસે ટ્રમ્પનું મસ્ક સાથે સંબંધ બગડશે તે દિવસે મસ્કના પણ વળતા પાણી થશે તે નક્કી છે.

ભારતમાં મંદીનો માહોલ છે છતાં પણ વિશ્વમાં ધનિકોની સંપત્તિ વધી છે. વિશ્વમાં ટેકનોલોજીની બોલબાલા વધી છે અને તેને કારણે આ સંપત્તિમાં વધારો થયો છે. દિવસેને દિવસે નવી ટેકનોલોજી શોધાઈ રહી છે.

એઆઈ આવ્યા બાદ ટેકનોલોજીના મામલે અનેક નવા સંશોધનો થઈ રહ્યા છે. જેને કારણે આ ધનિકોની સંપત્તિમાં મોટો વધારો થશે. જોકે, ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા બાદ કેવી રીતે કામગીરી કરે છે તે પણ મહત્વનું છે.

ટેકનોલોજીના શેરના ભાવમાં થયેલા વધારાને કારણે ભારતમાં વિદેશી રોકાણકારો દ્વારા અમેરિકા સહિત વિદેશના શેરબજારોમાં રોકાણ કરવામાં આવ્યા છે. જોકે, ટેકનોલોજીના સંશોધનો સફળ નહી રહ્યા તો આગામી દિવસોમાં આ ધનિકોની સંપત્તિ પણ ઘટી શકે છે.

**આવા માણસો શું કરે? સત્યાગ્રહના શસ્ત્રનો અભ્યાસ કરવા માંડે અને મનમાં એની સ્પષ્ટ કલ્પના બંધાય કે પછી પોતાનું મન એ ઢબે ઘડવા માંડે. કામ-ક્રોધ-લોભ પર અંકુશ મેળવવા માંડે**

# સતનો મારગ છે શૂરાનો નહિં કાયરનું કામ જો ને

ગાંધીજી જગતને વધારેમાં વધારે જાણીતા છે. તે હિંદના રાજકીય નેતા તરીકે, લોકો એમને ઈશ્વરભક્ત અને ધર્મપરાયણ પુરુષ કહે છે ખરા. પણ ઘણી વાર એમ મનાય છે કે ધર્મ એમના જીવનમાં ગૌણ સ્થાન ભોગવે છે. અંગ્રેજો અને તેમના પોતાના ઘણા દેશભાઈઓ તેમનાં વચનો સમજવામાં ગોથાં ખાય છે. કેમ કે એ કોઈ દેશદાઝવાળા મુત્સદ્દીનાં વચન હોય એમ ગણીને તેઓ તે સાંભળે ને વાપરે છે. 'નીતિ વિનાનું રાજકારણ એ ત્યાજ્ય વસ્તુ છે.' એ ગાંધીજીનું વચન તેઓ ભૂલી જાય છે. દેશભક્તિ અને રાષ્ટ્રીયતા, જે આજના જગતની અંધાધૂંધીનાં મૂળ કારણ છે, તેને તેઓ નવું રૂપ આપી રહ્યા છે. તેઓ કહે છે કે "મારી દેશભક્તિ મારા ધર્મને વશ વર્તીને ચાલે છે. તેઓ હિંદના શત્રુ પ્રત્યે પણ હિંસા નહીં કરે. કેમ કે હિંસા એ અધર્મ છે.

તેથી આપણે ગાંધીજીના આ આંતર ધર્મનું સ્વરૂપ સમજવું જોઈએ. તેઓ પોતાને હિંદુ કહેવડાવે છે. પણ તેઓ હિંદુ એ જ અર્થમાં છે કે હિંદુ ધર્મે શીખવેલા સનાતન ને સર્વદેશી સિદ્ધાંતો એમને સૌથી વધારે રુચે છે. ઈશ્વરની વ્યાખ્યા આપતાં ગાંધીજી કહે છે કે એ એક સર્વવ્યાપી ને ગૂઢ શક્તિ છે જેની વ્યાખ્યા આપવી અશક્ય છે.' એ ઈશ્વર તે સચ્ચિત્- આનંદરૂપ છે. તે મનુષ્યમાત્રનો અંતર્યામી છે અને દરેક માણસ ઈશ્વરની પ્રતિમારૂપ છે.' તેથી એ સચ્ચિદાનંદ આપણા દરેકની અંદર વસે છે. પણ તે અધૂરો જ પ્રગટ થાય છે, કેમ કે તે ભ્રમ અને અજ્ઞાનથી ઢંકાઈ ગયેલ હોય છે. મનુષ્ય એ અંતર્યામીએ બતાવેલા રસ્તે ચાલવું ઘટે છે. ગાંધીજી કહે છે. "મનુષ્ય પશુ કરતાં ઊંચી કોટિનો છે. તેને ઈશ્વરનિર્મિત કાર્ય કરવાનું પડેલું છે. આપણે પૃથ્વીને જાણીએ છીએ, પણ આપણા અંતરમાં વસતા સ્વર્ગને જાણતા નથી."

આપણી અપૂર્ણતાઓ દૂર કરી, અંતરમાં વસતી પૂર્ણતાનો સાક્ષાત્કાર કરવાનો ઉપાય બતાવતાં તેઓ કહે છેઃ "આપણા દરેકના અંતરમાં જે અહિંસા સૂતેલી પડી હોય છે તેને ખીલવો. ગાંધીજીએ ભૂલો કરી છે ખરી? ભૂલ તો સહુ કરે છે, પણ પોતાની ભૂલો જોવાની શકિત કેટલામાં હોય છે? ને એ કબૂલ કરવાની હિંમત કેટલામાં હોય છે. ગાંધીજી પોતાની ભૂલો કબૂલ



કરે છે એ બતાવે છે કે ગાંધીજી યોગયુક્ત પુરુષ છે. તે યુગનું બીજું ચિહ્ન એ છે કે તેઓ પોતાના અનુયાયીઓની નબળાઈઓ.

કુટુંબીજનોની ભૂલો, પોતાના રાજકીય પક્ષની ઊણપો ઉઘાડી પાડે છે. સ્વધર્મીને તેમની ધાર્મિક અવનતિનું ભાન કરાવતાં તેઓ ડરતા નથી.

કોઈ માણસ પોતાના હાડમાં રહેલી શેતાની શક્તિઓને વિશે જાહેર રીતે લખીને પોતાની જાતને ઉઘાડી પાડતાં ન અચકાય - જેમ ગાંધીજીએ 'આત્મકથા'માં કર્યું છે - તો તે સામ્રાજ્યવાદી સરકારને 'શેતાની'કહેતાં શા સાર કરે?

**સોફીયા વાડીયા**

**ભૂલ તો સહુ કરે છે, પણ પોતાની ભૂલો જોવાની શકિત કેટલામાં હોય છે? ને એ કબૂલ કરવાની હિંમત કેટલામાં હોય છે. ગાંધીજી પોતાની ભૂલો કબૂલ કરે છે એ બતાવે છે કે ગાંધીજી યોગયુક્ત પુરુષ છે**

ગાંધીજીની કલ્પના પ્રમાણે, જે માણસ પોતાના જીવનનો સ્વામી છે તે શ્રેષ્ઠ પ્રકારનો સુધારક છે. આ કલ્પના એ ગાંધીજીની ફિલસૂફીનો પાયો છે. આર્થિક સુધારો,રાજકીય સુધારો, સામાજિક સુધારો, ધાર્મિક સુધારો, એ બધા વ્યક્તિગત સુધારાના જ વિસ્તારમાત્ર છે.

આપણા આધુનિક યુગની સંસ્કૃતિને અહિંસા કે સત્યાગ્રહ રચતાં નથી. કેમ ? પણ આધુનિક સુધારાની નિષ્ફળતા દીવા જેવી દેખાઈ રહી છે. વિચારશીલ સુધારકો કહે છે કે આપણી સંસ્કૃતિને વિનાશ પામતી ઉગારવી હોય, તો તેની જૂની રીતભાત ને જૂની રહેણી છોડી દેવી જોઈએ.

આવા માણસો શું કરે? સત્યાગ્રહના શસ્ત્રનો અભ્યાસ કરવા માંડે અને મનમાં એની સ્પષ્ટ કલ્પના બંધાય કે પછી પોતાનું મન એ ઢબે ઘડવા માંડે. કામ-ક્રોધ-લોભ પર અંકુશ મેળવવા માંડે. આ શત્રુઓ જ્યાં સુધી મનમાં કાયમ રહે ને મનની શાંતિનો નાશ કરી મનને ચગડોળે ચડાવે, મનને બીજાં ઘણાં ખરાં મનુષ્યો પ્રત્યે નિર્દય બનાવે, ત્યાં સુધી માણસ જગતની સાથે શાંતિથી રહી શકે નહીં. સાચા સત્યાગ્રહીને જે મુખ્ય ગુણની આવશ્યકતા છે તે હિંમત છે.

'સતનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો ને.''એ વિશે ગાંધીજીએ તો એટલે સુધી કહ્યું છે કે "હિંદુસ્તાન નામર્દ બનીને લાચારીથી પોતાની લાજ લૂંટાતી જોઈ રહે, એના કરતાં તો તે શસ્ત્ર ધારણ કરીને પોતાની લાજઆબરૂની રક્ષા કરે એમ હું ઈચ્છું. આપણી પોતાની, આપણી સ્ત્રીઓની, ને આપણાં મંદિરોની રક્ષા જાતે કષ્ટ વેઠીને, એટલે કે અહિંસા વડે, કરતાં આપણને ન આવડતું હોય અને જો આપણે મર્દ હોઈએ, તો આપણને એ સર્વની રક્ષા લડીને કરતાં તો આવડવું જ જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## સંબંધને લાંબુ જીવાડવા

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

રાજ અને રિયાએ પ્રેમલગ્ન કર્યાં. એક જ ઓફિસમાં કામ કરતાં હતાં. પ્રેમ થયો અને લગ્ન કર્યાં.ચાર વર્ષ બધું સરસ પ્રેમમય રહ્યું પછી તેમના ધીમેધીમે ઝઘડા થવા લાગ્યા.

ઘણાં કારણો હતાં. બંને જણ પ્રમોશન મેળવવા એકબીજાની સામે હોડમાં હતાં અને એટલે જ બંને બધું ભૂલીને માત્ર કામ પર જ ધ્યાન આપી રહ્યાં હતાં. રિયાને કેરિયર પર ફોકસ કરવું હતું એટલે તે ફેમીલી શરૂ કરવા માંગતી ન હતી.આમ તો બધા ઘરના કામ માટે માણસો હતાં પણ કોઈ માણસ ગેરહાજર રહે ત્યારે રિયાએ જ બધું જોવું પડતું અને એટલે કામની બાબતે ઝઘડા થતાં.બંને જણ પૈસા ઘણાં કમાતાં હતાં અને બંને મનફાવે તેમ પૈસા વાપરતાં. કોઈ હિસાબ ન હતો એટલે તે બાબતે પણ ઝઘડા થતાં. પરિસ્થિતિ એવી હતી કે બધું હોવા છતાં તેમના જીવનમાં જાણે આનંદ ન હતો. તેમનો પ્રેમના નાતે બંધાયેલો સંબંધ તૂટવાની અણી પર હતો.બંને જણા છૂટાછેડા લેવાનું વિચારી રહ્યાં હતાં પણ કોઈ બોલવાની પહેલ કરતું ન હતું.

એક દિવસ સાંજે રાજ તેના પિતાને મળવા ગયો.પિતાએ પૂછ્યું, 'રિયા સાથે ન આવી?' રાજથી બોલાઈ ગયું કે, 'તે ઓફિસમાં છે અને હવે આમ પણ તે ક્યાં સાથે હોય જ છે.'

પિતાએ પૂછ્યું, 'કેમ આમ બોલ્યો?' રાજે સાચો જવાબ આપ્યો, 'પપ્પા, અમારા સંબંધમાં પ્રેમ રહ્યો જ નથી.મને નથી લાગતું આ સંબંધ બહુ લાંબો ટકે.ગમે ત્યારે તૂટી શકે છે.' રાજના પિતા થોડી વાર કંઈ ન બોલ્યા. પછી ધીમેથી બોલ્યા, 'રાજ, મને કહે તમે બંને છેલ્લે સાથે બહારગામ ક્યારે ગયાં હતાં?' રાજ બોલ્યો, 'છેલ્લાં ત્રણ વર્ષથી સમય જ નથી મળ્યો.' પપ્પાએ બીજો પ્રશ્ન પૂછ્યો, 'તેં કે રિયાએ એકબીજાને છેલ્લી સરપ્રાઈઝ ક્યારે આપી હતી?' રાજ બોલ્યો, 'મેં તો ક્યારેય નથી આપી.હા,રિયાએ લગ્ન બાદ પહેલી એનિવર્સરીની સરપ્રાઈઝ આપી હતી.પણ હવે તો તેને કે મને એનિવર્સરી યાદ પણ નથી હોતી.' રાજના અવાજમાં છુપાયેલું દુઃખ પપ્પાને ચોક્કસ સંભળાયું.પપ્પાએ આગળ કહ્યું, 'તું ક્યારેય ખાસ રિયાને ઓફીસ કે ઘરના કામમાં મદદ કરે છે ખરો?' રાજે કહ્યું, 'ના , આમ પણ તેને અભિમાન છે કે બધું જ કરી શકે છે.' પપ્પા બોલ્યા, 'આ તારી ભૂલ છે.' રાજ બોલ્યો, 'મને હતું જ બધા મારી ભૂલ કાઢશે પણ પપ્પા તાળી બે હાથે વાગે.'

પપ્પાએ મમ્મીને એક ઈશારો કર્યો અને પછી રાજને કહ્યું, 'જો દીકરા, હું તારી ભૂલ નથી કાઢતો પણ કોઇ પણ સંબંધને લાંબો ટકાવવા અને જીવંત રાખવા ભરપૂર પ્રેમ જોઈએ, સાથે જોઈએ સમજણ અને થોડો રોમાંચ,ખાસ કરીને એકબીજા માટે કાઢેલો સમય અને ઘણી બધી પરિપક્વતા સમજ્યો.પ્રેમ તમારી વચ્ચે છે જ.થોડી સમજણ અને પરિપક્વતા રાખો,સમય કાઢી તમારા સંબંધમાં પ્રેમભર્યો રોમાંચ ઉમેરો તો ચોક્કસ સંબંધ લાંબો ટકશે અને જીવંત રહેશે.' રાજને ભૂલ સમજાઈ.તેણે કહ્યું, 'પપ્પા, સાચી વાત છે તમારી. હમણાં જ રિયાને ફોન કરું છું.' પપ્પા હસ્યા અને બોલ્યા, 'તેની જરૂર નથી. તારી મમ્મીએ ફોન કર્યો છે. રિયા આવતી જ હશે.' રાજ પપ્પાને ભેટી પડ્યો.

# અહેવાલના આંકડાની શરમ પર્યાવરણ નથી કરતું

પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન અત્યંત સંવેદનશીલ મુદ્દા છે. તેની વિપરીત અસરોએ પરચો દેખાડવાનો શરૂ કરી દીધો છે. આ કારણે કેવળ આપણા દેશમાં જ નહીં, વિશ્વભરમાં પર્યાવરણની, ઘટતા જતા વનવિસ્તારની ફિકર થઈ રહી છે. જળવાયુ પરિવર્તનની અસરોને ઘટાડવા માટે વિવિધ તરીકા વિચારાઈ રહ્યા છે, જેની અસર લાંબે ગાળે કદાચ થાય તો થાય. અત્યારે તો કોઈને સહેજ થોભીને પાછું જોવાનો કે વિચારવાનો સમય નથી.

આવા માહોલમાં વર્ષ 2023નો 'ઈન્ડિયા સ્ટેટ ફોરેસ્ટ રિપોર્ટ' (આઈ.એસ.એફ.આર.) બહાર પાડવામાં આવ્યો છે, જેમાં પ્રકાશિત આંકડા અનેક રીતે આનંદદાયક અને આશ્વાસનજનક છે. પહેલાં એ આંકડાની વાત.

અહેવાલ મુજબ દેશનો કુલ 25 ટકા ભૌગોલિક વિસ્તાર વનથી આવરિત છે. વૃક્ષોના આચ્છાદનમાં બે વર્ષમાં 1,445 ચો.કિ.મી.નો વધારો થયો છે. આ આંકડા ખાસા પ્રોત્સાહક કહી શકાય. એક તરફ આપણે વિકાસની આંધળી દોટ અને તેને લઈને નીકળતાં જતાં વૃક્ષો કે વનોના નિકંદનના સમાચાર સાંભળતાં રહેતાં હોઈએ ત્યારે આ જાણીને અવશ્ય આનંદ થાય. પણ બહુ હરખાતાં પહેલાં કેટલીક વિગતો જાણવા જેવી છે.

'ફોરેસ્ટ સર્વે ઑફ ઈન્ડિયા' (એફ.એસ.આઈ.) અનુસાર કોઈ પણ જમીનને વન ત્યારે ગણાવાય જ્યારે તે ઓછામાં ઓછું 1 હેક્ટર એટલે કે 10,000 ચોરસ મીટર વિસ્તારમાં પથરાયેલું હોય અને તેના 10 ટકા વિસ્તારમાં વૃક્ષોનું આચ્છાદન હોય. આ વ્યાખ્યા અનેક અર્થઘટનને પાત્ર છે. કેમ કે, એ મુજબ જોઈએ તો અનેક સ્થાને કરાયેલાં વાવેતર વન તરીકે ગણાવાઈ શકે. 1 હેક્ટર કરતાં ઓછા વિસ્તારમાં હોય એવાં વૃક્ષોને પણ 'એફ.એસ.આઈ.' વૃક્ષાચ્છાદન તરીકે ગણનામાં લે છે. એ મુજબ વાંસનાં આચ્છાદનો પણ વૃક્ષના આચ્છાદન તરીકે ગણનામાં લેવાય છે.

વૃક્ષોના વાવેતરને વનમાં ગણવાં કે કેમ એ મોટો સવાલ છે. કેમ કે, વાસ્તવિક વનમાં હોય એવું વૈવિધ્ય તેમાં હોતું નથી, એમ તેમાં સૂકાં, મૃત લાકડાં કે બાયોમાસ હોતાં નથી.

એનો અર્થ એ થયો કે આ અહેવાલમાં વન તરીકે જે વિસ્તાર ગણાવાયો છે એ બધો વિસ્તાર વનનો ન હોઈ શકે. પર્યાવરણવાદીઓના જણાવ્યા મુજબ પેરિસ હવામાન

**ફીર દેખો યારોં**

**બીરેન કોઠારી**

**ભારત કાર્બનના ઉત્સર્જનને નાથીને પોતાની પ્રતિબદ્ધતા દાખવી રહ્યું હોવાનો દેખાડો કરવાનો આ પ્રયાસ છે. કાગળ પરના આ આંકડા લડતમાં કારગર બનશે ખરા?**

કરાર અનુસાર ભારત કાર્બનના ઉત્સર્જનને નાથીને પોતાની પ્રતિબદ્ધતા દાખવી રહ્યું હોવાનો દેખાડો કરવાનો આ પ્રયાસ છે. કાગળ પરના આ આંકડા ખરેખર જળવાયુ પરિવર્તન કે પર્યાવરણની વિપરીત અસર સામેની લડતમાં કારગર બનશે ખરા?

અહેવાલમાં બીજું પણ ઘણું છે. અનેક વિસ્તારોના વન વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો જણાયો છે, આગ લાગવાના બનાવો વધ્યા છે અને વન્ય વિસ્તારનો ઉપયોગ બિનવન્ય પ્રવૃત્તિઓ માટે કરવાથી કાર્બનને દૂર કરવાની તક ઘટે છે. પશ્ચિમ ઘાટ અને ઈશાન ભારતમાં વન્ય વિસ્તાર દેખીતી રીતે ઘટ્યો છે. છેલ્લાં બે વર્ષમાં કર્ણાટક રાજ્યમાં જ 459 ચો.કિ.મી. વન વિસ્તાર ઘટ્યો છે. ઘાટ પ્રદેશના જિલ્લા પૈકીના શિવમોગા જિલ્લાના વન વિસ્તારમાં સૌથી વધુ ઘટાડો નોંધાયો છે. ઘાટ પ્રદેશમાંની જૈવવિવિધતાનો નાશ અન્ય વિસ્તારમાં કરાયેલા વાવેતરથી ભરપાઈ કરી શકાય એમ નથી. ગાઢ વન વિસ્તાર અને જૈવવિવિધતા માટે જાણીતાં ઈશાન ભારતનાં રાજ્યોમાં ઘણું નુકસાન અને ઘટાડો થયો છે. આનું કારણ છે વન સંવર્ધન અધિનિયમ, 1980માં કરાયેલો ફેરફાર.

દબાણ, રબર અને પામ તેલનાં વૃક્ષોનું વાવેતર તેમજ કાનૂની ટેકો ધરાવતા માળખાકીય વિકાસના પ્રકલ્પો આના માટે જવાબદાર છે.

તટીય વિસ્તારમાંના મેન્ગ્રોવ પર પણ ખતરો છે. અનેક શહેરોમાં હરિત આવરણ ચિંતાજનક રીતે ઘટ્યું છે.

આ બધાની સાથોસાથ વનની ગીચતામાં થયેલો ઘટાડો પણ ગણવો રહ્યો. અનેક સ્થળે ગાઢ જંગલો ઝાડીઓમાં ફેરવાઈ ગયાં છે. આગ જેવાં કુદરતી અને બીજાં અનેક માનવસર્જીત પરિબળોને લઈને વન વિસ્તાર પર ખતરો તોળાઈ રહ્યો છે.

આમ, દેખીતી રીતે વન વિસ્તાર અનેક ખતરાઓથી ગ્રસ્ત છે. એ પણ હકીકત છે કે ગાઢ વન ધરાવતા વિસ્તાર ઘટી રહ્યા છે. છતાં સરકારી અહેવાલમાં વન વિસ્તારમાં વૃદ્ધિ દર્શાવાઈ છે. આ આંકડા ખોટા નથી, પણ મૂળ સમસ્યા વન વિસ્તાર શેને ગણવો એની છે. એટલે કે અહેવાલમાં દર્શાવાયેલા પચીસ ટકા વન વિસ્તારમાં પશ્ચિમ ઘાટ, નીલગીરી અને ઈશાન ભારતના ઘટતા વનવિસ્તારને ગણવામાં નથી આવ્યો.

કચ્છ અને આંદામાનમાં ઘટતા જતા મેન્ગ્રોવને પણ ગણનામાં લેવાયા નથી. આથી દેખીતી રીતે, કાગળ પર વન વિસ્તારમાં વૃદ્ધિ થયેલી દેખાય ખરી, પણ વાસ્તવિકતા સાવ અલગ હોય.

આ અહેવાલની વિગતો પ્રસાર માધ્યમોમાં વિવિધ રીતે ચર્ચાઈ રહી છે અને મોટા ભાગનાએ આ આંકડાને, અહેવાલને ખોટો ભલે નથી ઠેરવ્યો, પણ તેને વિશ્વાસપાત્ર ગણ્યો નથી.

એટલે કે દાવો સાચો, પણ એમાં જે નુકસાન થયું છે એનો ઉલ્લેખ નથી એટલે એને અર્ધસત્ય ગણાવી શકાય. સવાલ એ છે કે પર્યાવરણ કે જળવાયુ પરિવર્તન આવા અહેવાલથી પ્રેરિત થાય છે ખરું? તેને જે નુકસાન થયું છે, થતું રહે છે અને હજી થતું રહેવાનું છે એની અસર સરવાળે આપણે સૌએ જ ભોગવવાની છે. એ આપણે ભોગવી પણ રહ્યાં છીએ. છતાં એમાંથી કશો ધડો લેવાતો નથી. રાજ્ય વધુ ને વધુ વિકાસની યોજનાઓ ઘડતું રહે છે, એનો અમલ કરતું રહે છે અને પર્યાવરણનો ખો નીકળતો રહે છે.

રાજ્યોની આવકમાં કદાચ વૃદ્ધિ થતી રહેશે, પણ એ આવક પર્યાવરણને થયેલું નુકસાન ભરપાઈ કરી શકશે નહીં. આંકડા ગમે એ કહે, પર્યાવરણ તેને ગાંઠવાનું નથી એ હકીકત છે. વ્યક્તિગત સ્તરે ભાગ્યે જ કશું કરી શકતા આપણા જેવાં નાગરિકોએ કાં આ વિપરીત અસરનો ભોગ બનવાનું છે કે બીજાઓને ભોગ બનતાં જોતાં રહેવાનું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## બેંક ખાતાં ભાડે

સુરત વેસુમાં વૃધ્ધ વ્યક્તિને ડિજિટલ અરેસ્ટનો શિકાર બનાવીને ઠગ ટોળકીએ ૧.૭૧ કરોડની રકમ પડાવી હતી. આવા બેન્ક ખાતાં ભાડે આપવાના ગુનામાં સાયબર ક્રાઈમે બનાસકાંઠાના વેટરનરી ડોક્ટર સહિત ૩ આરોપીની ધરપકડ કરી હતી. ડોક્ટર આરોપીઓ પાસેથી કરંટ ખાતાંઓ લઈને તેના ઉપર બેઠેલા મુખ્ય સૂત્રધાર પાસેથી ૫૦ હજારનું કમિશન લઈને બેન્ક ખાતાંઓ ભાડે આપતો. આવાં કમિશન લોભી ભાડે આપનાર બેન્ક ખાતેદારો સાથે નોંધાયેલી ફરિયાદોને આધારે જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે. શહેરમાં બેન્ક ખાતાંઓ ભાડે લેવા અંગેની ગુપ્ત ગુનાખોર માનસ ધરાવતી ટોળકી કાર્ય કરી રહી છે. આ માટે બેન્ક ખાતેદારોને સારું કમિશન આપવાનું પ્રલોભન પણ આપવામાં આવે છે. શહેરના તમામ બેન્ક ખાતેદારોએ આવી ગુનાખોરી માનસિકતા ધરાવતી વ્યક્તિઓથી સાવધાન, જાગૃત અને સચેત રહેવાની જરૂર છે.

**સુરત - રાજુ રાવલ**

## દેખાદેખી શા માટે?

મોંઘવારીની જોરશોરથી વાતો કરનારને મારે પૂછવું છે કે ક્યાં છે મોંઘવારી? દેખાય છે? હવે તો ઘણાં લોકો ઘરમાં રસોઈવાળી બાઇ રાખે છે. અમે તો નાનપણમાં કામવાળી બાઇ ઘરમાં કામ કરવા આવતી તે જોઇ છે પણ આ તો રસોઈવાળી બાઈની વાત છે. હા, ઘરમાં એવા સંજોગો હોય ને આપણે રસોઈવાળાં બાઇ રાખીએ તે વ્યાજબી છે. ગૃહિણી જોબ કરતી હોય, સવારની જાય સાંજે થાકીને ઘરે આવે ને પછી જો એણે ઘરની જવાબદારી ઉપાડવાની હોય તો તે રસોઈવાળાં બાઇ રાખે એ ખોટું નથી પણ આ તો એવા કોઈ સંજોગો ન હોય છતાં રસોઈવાળાં બેનને રાખે છે. પાછા એટલા વટથી બોલે કે અમારે ત્યાં તો રસોઈવાળાં બેન આવે છે અને હમણાં તો 'કુક' શબ્દ ઘણો પ્રચલિત થતો જાય છે. મારે ત્યાં તો કુક આવે છે. આ તો થઈ કુકની વાત, પણ જો ઘરમાં નાની પાર્ટી હોય કે ગેટ ટુ ગેધર રાખ્યું હોય તો બહારથી તૈયાર રસોઇ પણ મંગાવી લેવાય છે. પહેલાં તો આવી સગવડ નહોતી ત્યારે ઘરની સ્ત્રીઓ જ રસોઇ બનાવી દેતી હતી. આ તો હવે આપણને પણ તૈયાર મંગાવવાની ટેવ પડી ગઇ છે એમાંથી તો આપણે પણ બાકાત નથી. જમાના સાથે ચાલવું જરૂરી છે.

**સુરત - શીલા ભટ્ટ**

## દમણ એક પર્યટન સ્થળ તરીકે વિકાસ થઈ રહ્યું છે

પહેલાંનું દમણ એક કસબા જેવુ હતું. આજે દમણ શહેર જેવું બની ગયું છે. આજે તમે દમણ જાવ તો પોર્ટુગલનો કિલ્લો, જામપોર બીચ તેનાથી આગળ જાવ આખા દરિયાકિનારે ખાળા સાંધી એક હવા ખાવાનું સ્થળ બનાવ્યું છે. પોર્ટુગલ કિલ્લો જોવાલાયક છે.

મારું અંગત માનવું છે કે દરિયાકિનારાની સામે જે ખુલ્લી જગ્યા છે તેમાં દમણ ટુરીઝમ વિભાગે કોટેજ બનાવવા જોઈએ તેમાં ફક્ત 1 બાલ્કની- 1 હમ- તથા જોઈન્ટ સંડાસ-બાથરૂમ બનાવી તેની ભાડાની આવક ઊભી કરી શકાય છે. તેનાથી આગળ જતાં વેજ રસોડું, નોનવેજ રસોડું, બિયર બાર- વાઈ સોપ એક જ સર્કલમાં હોય તેમાં ફક્ત દમણનિવાસીઓને નોકરી પર રાખો એટલે આવકની સાથે રોજગારીનો પ્રશ્ન પણ હલ થાય. અંતમાં ટુરીઝમના પૈસાથી ટુરીઝમ પોતાનો વિકાસ કરવો જોઈએ તેની સાથે ટુરીઝમ વિભાગે પણ કિલ્લાની સારસંભાળ રંગરોગાન જામપોર બીચ તથા દરિયા કિનારો સ્વચ્છ અને સુંદર રાખવાનો.

**સુરત - મહેશ આઈ. ડોક્ટર**

## નવા વર્ષનાં કર્મો

જિંદગીનાં વર્ષો સડસડાટ નીકળી જાય છે. 2025માં આગમનમાં કરી ચૂક્યા છે. વીતેલા વર્ષની સુખરૂપ યાદોને સેવ કરી, નવા વર્ષમાં નવીન ઉત્સાહ-ઉમંગ, આત્મવિશ્વાસ અને સત્કર્મોથી એપ તૈયાર કરી, જીવનને સંગીન બનાવવા સૌ કોઈ રેડી છે. આ અંગે થોડાં અંગત સૂચનો છે. (1) ગત વર્ષનાં અધૂરાં કાર્યોને પૂરી ધગશ અને નિષ્ઠાથી આગળ વધારો. 'પરમ કૃપાળુ પરમાત્મા જરૂર સાથ આપશે. (2) સંબંધોમાં પડેલી તિરાડને, પ્રેમરૂપી પૂરણ પૂરી, સંબંધ રીન્યુ કરો, જેમાં બંને પક્ષોને આનંદ થશે જ. (3) તમારા નાણાંનું આયોજન સુરક્ષિત રાખો. પરિવાર પ્રથમ પ્રાધાન્ય આપો. (4) બિનજરૂરી સરખામણી આડંબરથી દૂર રહો. (5) તમારા તથા પરિવારજનોના સ્વાસ્થ્યની પૂરેપૂરી કાળજી રાખો એ જ સાચી મૂડી છે. (6) તહેવારો, પ્રસંગો જરૂર ઉજવો, પણ ખોટા બિનજરૂરી ખર્ચાથી દૂર રહો. Penny Saved is penny બચત કરવી (7) વિકટ દુઃખદ પરિસ્થિતિમાં માનસિક સ્વસ્થતા જાળવો.

**સુરત - દીપક બી. દલાલ**

## નવા વર્ષથી સ્મિત સાથે ઊઠો

આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિ ઓછી અને જીવનવિજ્ઞાનની પધ્ધતિ વધુ છે. નવા વર્ષનો પ્રારંભ થઈ ચૂક્યો છે ત્યારે સવારે ઊઠતાં વેંત થોડીક સારી આદત-ટેવ પાડવાથી આખો દિવસ સ્ફૂર્તિ ઉત્સાહ-ઉમંગમય વીતે છે. સવારે પથારીમાં ઊઠતાં પહેલાં થોડી ક્ષણ નવા દિવસ માટે પ્રભુનો આભાર માનો, પ્રાર્થના કરો. કોઈ શ્લોક-ધૂન ગુનગુનાવો. તરત જ મોબાઈલમાં જોવા ન બેસી જાવ. શક્ય હોય તો મધુર ભક્તિગીત-સંગીતનું ગુંજન કરો. સૂઓ ત્યારે ડાબી બાજુ જ સૂઓ ને ઊઠો ત્યારે જમણી બાજુથી ઊઠી પૃથ્વી માતાને પ્રણામ કરીને જ ઊઠો. હાથને મસળો, હથેળી ઘસો ને આંખ પર લગાડો. ઊર્જાનો અનુભવ થશે. હથેળી ઘસવાથી હાથમાં લોહીનું પરિભ્રમણ થશે. શરીર આખાને સંદેશો મળે છે કે મીઠી નિદ્રા પૂરી થઈ. હવે સૂર્યોદય થવાની તૈયારી છે, જાગી જાવ. પંખીઓનો કલરવ સાંભળો. પક્ષીઓને ચણ-બાજરી-જુવાર નાંખો. આખો દિવસ સારો જશે જ. ઊઠ્યા પછી તરત જ છાપું ન વાંચો. જરૂર વાંચો પણ ચા-નાસ્તા પછી જ અચૂક વાંચવાની ટેવ સારા સમાચાર વાંચવાની પાડો. પાંચ-દસ ઊંડા શ્વાસ લેવાની સુટેવ પાડો. આખો દિ આનંદમાં જશે. સવારે નજીક રસ્તાની બાજુ પર થોડું ચાલવાનું નિયમિત રાખો. શિયાળો છે. રોગપ્રતિકારકશક્તિ વધારવા ભલે વસાણા ન ખાવ પણ સૂંઠ, ગોળ, ઘીની ગોળી બનાવી ખાવ. આખું વર્ષ શક્તિ મળ્યા કરશે. પપૈયું, ગાજર, કાચું કોબી, ટામેટા, લીલાં આમળાં, બીટ, ધાણા-લસણનો ખોરાકમાં ઉપયોગ કરો, નવું વર્ષ-પ્રત્યેક દિવસ આનંદમય, સ્ફૂર્તિમય જશે.

**સુરત - રમીલા પરમાર**

## ડગલો થાય છે, શિયાળો વહી જાય છે

જીવન સાવ બદલાઈ ગયું સમયના ધસમસતા પ્રવાહ વચ્ચે. વીસમી સદીમાં આ લખનારે હરિપુરા ધોબી શેરીમાં ત્રણેક વર્ષ વિતાવ્યાં હતાં. શિયાળામાં વહેલી સવારે એક મહારાજ ગળામાં હાર્મોનિયમ લટકાવી શેરીના એક નાકેથી બીજા નાકે લલકારતા જાય ''અગલો, ડગલો થાય છે, શિયાળો વહી જાય છે, ડગલાની તો રાતી કોર તે પહેરે શ્રી રણછોડ.'' અવાજ મધુર. સાંઠી વટાવી ચૂકેલાં ઘણાંએ આ દૃશ્ય જોયું જ હશે. ગીતના લલકારથી ગૃહિણીઓ તાંબાનો બંબો પાણી ગરમ કરવા સળગાવે.

નિત્ય કાર્યક્રમ શરૂ કરી દે. પોતે પણ ભજનો લલકારે. ટૂંકમાં સવાર પેલા શેરીગાયક મહારાજના હાર્મોનિયમના સૂર અને કંઠથી જ પડતી. રળિયામણી અને ભક્તિમય ભાસતી એ સવાર કેટલાક એના અવાજથી જાગી, મોર્નિંગ વોક નીકળી પડે.

મહારાજ દક્ષિણા ઉઘરાવતા નહીં. જે મળ્યું તે જ સંતોષ, જૂની હકીકતોની મધુરમ હજીય હૃદયના ઊંડે ખૂણે રણકે છે. આજે હવે આ દૃશ્ય ૨૧મી સદીમાં દુર્લભ બની ગયું. જૂના સુરત શહેરની આ પણ હતી એક ઓળખ. આપણે એકબીજાને ચાહીએ એટલી ધાર્મિકતા, બીજા માટે કંઇક કરી છૂટવાની તમન્નાનો અભાવ વર્તાય છે.

**સુરત - કુમુદભાઈ બક્ષી**